# સુરત મહાનગરપાલિકા

## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૨૧/૦૯/૨૦૨૦, ૧૧–૦૦ કલાક થી તા.૩૦/૦૯/૨૦૨૦, ૨૩–૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| અ. નં. | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | તાલીમ સમય | સ્ટાઈપેન્ડ ની રકમ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|---|
| 1 | ઈલેકટ્રીશ્યન | 60 | ૧–વર્ષ | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 2 | વાયરમેન | 120 | ૧–વર્ષ | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 3 | ફીટર | 20 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 4 | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | 50 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 5 | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | 80 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 6 | એકાઉન્ટન્ટ | 150 | ૧–વર્ષ | 9000/- | બી. કોમ. |
| 7 | માઈક્રો ફાયનાન્સ એપ્રેન્ટીસ | 10 | ૧–વર્ષ | 9000/- | બી. કોમ. |
| 8 | ઓફિસ આસીસ્ટન્ટ | 180 | ૧–વર્ષ | 9000/- | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક (કોમ્પ્યુટર ના જાણકાર ઈચ્છનીય) |
| 9 | ફીલ્ડ સર્વે અમ્યુરેટર | 100 | ૧–વર્ષ | 9000/- | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક (કોમ્પ્યુટર ના જાણકાર ઈચ્છનીય) |
| 10 | આસીસ્ટન્ટ (હયુમન રીસોર્સ) | 30 | ૧–વર્ષ | 9000/- | બી.એ. અથવા બી.બી.એ. |
| | કુલ | **800** | | | |

આ એપ્રેન્ટીસ ટ્રેડની જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતાં પહેલાં વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય સુચનાઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત અંગેની નીચે મુજબની સામાન્ય સુચનાઓ જોવા વિનંતી. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ–૨૩૧) ઉપર સંપર્ક કરવો.

## –: એપ્રેન્ટી ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ :–

(૧) સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.org પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૨) https://apprenticeshipindia.org પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ પ્રોફાઈલની વિગત ભરી ફરજિયાત આધારકાર્ડ વેરીફીકેશન કરવાનું રહેશે.

(૩) એપ્રેન્ટીસ ઉમેદવારે https://apprenticeshipindia.org પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસની પ્રોફાઈલની વિગત ભર્યા બાદ https://suratmunicipal.gov.in/Recruitment લીન્ક ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબ એપ્રેન્ટીસ ઉમેદવારે ઓનલાઈન અરજીમાં છેલ્લા સેમીસ્ટર / વર્ષ ની માર્કશીટ ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

(૫) ઉપરોકત તમામ કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી ને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા જે તે જગ્યાની બેઝીક લાયકાત અંગેના માપદંડ નકકી કરાશે અને તે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને અરજીફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર અથવા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે.

(૬) આ જાહેરાત માટે જરૂર પડયેથી ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ જે તે સમયે મોબાઈલ નંબર અથવા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ ભરતીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો. જે આપના હિતમાં રહેશે. ઈ–મેઈલ કે ફોન નંબર બદલવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(૭) ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે એપ્રેન્ટીસ ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ તમામ ડોકયુમેન્ટ ઓરીજીનલ તથા અરજીની નકલ સાથે તમામ ડોકયુમેન્ટની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૮) જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ / સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.

(૯) રૂબરૂ અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૧૦) અગાઉ જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરી ચુકેલ ઉમેદવારે અરજી કરવી નહી.

(૧૧) એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટિસ એકટ–૧૯૬૧ હેઠળ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.

(૧૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવી જોઈએ નહી.

(૧૩) આ જાહેરાત ફકત એપ્રેન્ટીસશીપ માટે છે, એપ્રેન્ટીસશીપનો જે તે ટ્રેડનો નિયત સમયગાળો પુર્ણ થયેથી એપ્રેન્ટીસને તુરંત છુટા કરવામાં આવશે.

(૧૪) આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૫) લાયક ઉમેદવારના અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

**સહી/–**

નં.પીઆરઓ/૮૬૧/૨૦૨૦–૨૧. **મ્યુનિસિપલ કમિશનર**

સુરત. તા.૧૬/૦૯/૨૦૨૦ **સુરત મહાનગરપાલિકા**

# <u>એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટેની પ્રક્રિયા</u>

- **એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા માટે ઉમેદવારે ભારત સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવેલ પોર્ટલ (http://apprenticeshipindia.org) પર રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. રજીસ્ટ્રેશન અર્થે ઉમેદવાર e-mail એકાઉન્ટ ધરાવતો હોવો જરૂરી છે.**

- **એપ્રેન્ટીસશીપ રજીસ્ટ્રેશન**
  - http://apprenticeshipindia.org ઓપન કરો.
  - Register > Candidate પર કલીક કરો. જરૂરી વિગતો ભરીને સબમીટ કરવું.
  - સબમીટ કર્યા બાદ રજીસ્ટ્રેશન નંબર જનરેટ થશે. જે નોંધી લેવો.

- **E-mail એકાઉન્ટ ચેક કરો.**
  - રજીસ્ટ્રેશન ફોર્મ "Submit" કલીક કર્યા બાદ આપના e-mail માં Inbox ચેક કરો.
  - **Apprenticeship India** પોર્ટલ દ્વારા મોકલવામાં આવેલ "User Verification" તરીકે આવેલ "Activate" બટન અથવા "Activation Link" પર કલીક કરો.
  - "Activate" પર કલીક કરવાની સાથે જ પોર્ટલનું "Login Page" ઓપન થશે.
  - જેમાં User Id (email id) અને Password નાંખીને લોગીન કરો.

- <u>Login</u> કરવું.
  - લોગીન કર્યા બાદ <u>Complete Your Profile</u> પર કલીક કરો.
  - ત્યારબાદ <u>About Me</u> માં Edit પર કલીક કરી Date of Birth, Id Proof Type, Candidate Signature Image તથા Profile Image ની ફાઈલ અપલોડ કરી ને <u>Basic Details</u> અપડેટ કરો.
  - ત્યારબાદ Contact Details, Education, Preference તથા Aadhaar Card Verification માટેની જરૂરી વિગતો ભરવી.
  - ત્યારબાદ Aadhaar Verification માં જઈ આધાર વેરીફીકેશન કરવું.
  - આધાર કાર્ડ મુજબ પ્રોફાઈલનું નામ અને જન્મ તારીખ સરખી હશે તો જ આધારકાર્ડ વેરીફીકેશન થશે.
  - ત્યારબાદ <u>Apprenticeship Oppoutunities</u> પર કલીક કરવું.
  - Search Course માં જાહેરાતમાં દર્શાવેલ ટ્રેડમાંથી ટ્રેડ ભરવો તથા Search Location માં Surat ભરવું.
  - **<u>Oppoutunities</u> ના લીસ્ટમાંથી SURAT MUNICIPAL CORPORATION ની સામે <u>Apply</u> કરવાનું રહેશે.**

## સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસશીપ માટે અરજી કરવા માટેની સામાન્ય સુચનાઓ તથા Online અરજી કરવા માટેની પધ્ધતિ

આ એપ્રેન્ટીસશીપની જાહેરાત અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા **Online** અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે તા.૨૧/૦૯/૨૦૨૦, ૧૧.૦૦ કલાક થી તા.૩૦/૦૯/૨૦૨૦, ૨૩.૫૯ કલાક સુધીમાં https://suratmunicipal.gov.in/Recruitment લીન્ક ઉપર જઈ જે તે ટ્રેડ માટે ઓનલાઈન અરજી પત્રક ભરવાનું રહેશે. ઉમેદવારે **Online** અરજી કરવા માટે નીચે મુજબનાં **Steps** અનુસરવાનાં રહેશે.

(૧) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં પહેલા http://apprenticeshipindia.org કેન્દ્ર સરકારનાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર ઓનલાઈન અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૨) ત્યારબાદ ઉમેદવારે https://suratmunicipal.gov.in/Information/Recruitment લીન્ક ઉપર જવું.

(૩) જે તે ટ્રેડની સામે Apply Now પર Click કરવું. આ પ્રમાણે Click કરવાથી Job Application Form ખુલશે. જેમાં પ્રથમ Application Details દેખાશે અને નીચે Application Information દેખાશે.

(૪) Application Format માં સૌપ્રથમ ઉમેદવારે Apprentice Registration No. દર્શાવવો, ત્યારબાદ Personal Details ભરવી, જેમાં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.

(૫) ત્યારબાદ જરૂરી ડોક્યુમેન્ટ ની વિગત સીલેકટ કરવાની રહેશે.

(૬) ત્યારબાદ Enter Text નાં બોક્ષમાં સામે જનરેટ થયેલ કોડ નાંખવાનો રહેશે.

(૭) Enter Text નાંખ્યા પછી નીચે જણાવેલ કબુલાતનામુ માં Tick Mark ( √ ) કરવાની રહેશે.

(૮) Submit ઉપર Click કર્યાબાદ Next Page પર Photo (size 100kb), Sign (size 50 kb) અને છેલ્લા સેમીસ્ટર / વર્ષ ની માર્કશીટ (size 500kb) અપલોડ કરવા.

(૯) ઉક્ત તમામ **Steps** પુર્ણ થયા બાદ Submit બટન ઉપર Click કરવાનું રહેશે.

(૧૦) Submit ઉપર Click કર્યાબાદ Application Verification Window દેખાશે, અને આપે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર One Time Password (OTP) જનરેટ થશે, આ પાસવર્ડ નાંખ્યા બાદ Print Application Window ઓપન થશે, જેમાં Application details has been saved successfully દેખાશે અને તેની નીચે આપનો Application Number જનરેટ થયેલ દેખાશે, જે તમારે આગળની કાર્યવાહી માટે સાથે રાખવો અને હવે પછી આ જાહેરાતનાં સંદર્ભમાં કોઈપણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે. આ Application Number નીચે જણાવેલ Print option Click કરવાથી તમારી વિગતો સહિતની અરજી પત્રકની પ્રિન્ટ કાઢી શકાશે. **Print માટે Pop-up Block "Off" રાખવું.**

(૧૧) તા.૦૨/૧૦/૨૦૨૦ સમય ૨૩:૫૯ કલાક બાદ અરજી પત્રકની પ્રિન્ટ કાઢી શકાશે નહિ.

(૧૨) ઉમેદવાર ફોર્મ ભર્યા બાદ વિગતો ફરીથી વિગત Update કરી શકશે નહિ.